# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા SGST રાજકોટના સંયુકત ઉપક્રમે "જીએસટીમાં મુંજવતા પ્રશનો" અંગે માર્ગદર્શક સેમીનારનું આયોજન કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા SGST રાજકોટના સંયુકત ઉપક્રમે "જીએસટીમાં મુંજવતા પ્રશ્નો" અંગે માર્ગદર્શક સેમીનારનું તા.૧૧-૦૮-૨૦૨૫, સોમવારના રોજ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં SGST રાજકોટના જોઈન્ટ કમિશ્નરશ્રી એમ.એ. પટેલ, ડેપ્યુટી કમિશ્નર(એનફોર્સમેન્ટ)શ્રી અજયરાજ જનકાંત તથા રેન્જ-૨૨ ના ડેપ્યુટી કમિશ્નરશ્રી આઈ. આર. પટેલ ઉપસ્થિત રહયા હતા.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી રાજકોટ ચેમ્બર દ્વારા સરકારશ્રીની વિવિધ પોલીસીઓ અંગે વિવિધ સેકટરને લગતા સેમીનારો યોજવામાં આવે છે. ત્યારે બિઝનેશન કરતી વખતે GST માં શું શું તકલીફો પડી રહી છે તેના નિરાકરણ લાવવા માટે આ સેમીનાર યોજેલ છે જે ખુબ જ ઉપયોગી બની રહેશે. તેમજ ઈ-વે બીલમાં કેવી રીતે સરળતાથી કાર્ય કરી પેનલ્ટીથી કઈ રીતે બચવું તેનું માર્ગદર્શન મેળવવું જરૂરી છે. આવનારા દિવસોમાં ભારત દેશ વિકસીત દેશ તરફ આગળ વધી રહયું છે અને અર્થતંત્રમાં આગળ વધી રહયું હોય ત્યારે વેપાર-ઉધોગકારોના પ્રશ્નો માટે રાજકોટ ચેમ્બર કેન્દ્ર તથા રાજય સરકારમાં રજુઆતો કરીને યોગ્ય નિરાકરણ લાવવા માટે હર હંમેશ પ્રયત્નશીલ રહેશે.

SGST રાજકોટના જોઈન્ટ કમિશ્નરશ્રી એમ. એ. પટેલએ આજનો આ સેમીનારનું આયોજન કરવા બદલ આભારની લાગણી વ્યકત કરતા જણાવેલ કે, GST અંતર્ગત વેપાર-ઉધોગકારોને નાના મોટા ઘણાં પ્રશ્નો ઉદભવતા હોય છે. તેનું નિરાકરણ લાવીશું તેમજ નીતિ વિષયક પ્રશ્નો માટે સરકારશ્રી સમક્ષ રજુઆત પણ કરીશું. ખાસ કરીને ફેક બીલની ITC ના કારણે નિર્દોષ ઉધોગકારો ભોગ બને છે અને દંડને પાત્ર બને છે ત્યારે તેનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયત્ન કરીશું. આમ GST અંતર્ગત કોઈપણ મુશ્કેલી પડે તો અમારા ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરવા અનુરોધ કરેલ.

SGST રાજકોટના સ્ટેટ ટેક્ષ ઓફિસરશ્રી બી. ડી. સાખરાએ ઈ-વે બીલની કાર્યવાહીની માહિતી આપતા જણાવેલ કે, રૂા.૫૦૦૦૦/- થી વધુના માલની હેર ફેર માટે ઈ-વે બીલ ફરજીયાત છે. જેમાં ડિપાર્ટમેન્ટ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટરમાં કેમેરા અને જીપીએસ દ્વારા ૨૧ મોબાઈલ સ્કોડ ૩૯ ટીમ નિરીક્ષણ કરી રહી છે, લિગલ ફ્રેમવર્ક અંતર્ગત ઈ-વે બીલ સબંધિત સેકશન ૬૮, ૧૨૯, ૧૩૦, રૂલ ૧૩૮ અંગે, ઓનલાઈન ઈ-વે બીલ કેવી રીતે જનરેટ કરવું અને તેમા કેવી સાવચેતી રાખવી, માલ પરીવહન માટેની સાવચેતી, MS Team દ્વારા અનુસરવામાં આવતી સંચાલન પ્રવૃતિ, વાહનની ઈન્ટરસેપ્શન સંબંધિત અધિકારીની પ્રક્રિયા માટેના વિવિધ ફોર્મ્સ જેવા મુદાઓ અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપેલ.

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

SGST રાજકોટના આસીસટન્ટ કમિશ્નરશ્રી સી.એલ. પટેલએ એસેમેન્ટની કાર્યવાહી અને સબંધિત ચર્ચાઓ કરતા જણાવેલ કે, એસેસમેન્ટના વિવિધ પ્રકારો જેવા કે, સેલ્ફ એસેસમેન્ટ, રી-એસેએસમેન્ટ, પ્રોવીઝનલ એસેમેન્ટ, સમરી એસેસમેન્ટ તથા બેસ્ટ જજમેન્ટ એસેમેન્ટનો સમાવેશ થાય છે અને તેની પ્રક્રિયા કેવી રીતે કરવી, જોખમ માપદંડ અને વિવિધ અહેવાલોના આધારે કેસોની પસંદગી, કરદાતાઓને સુચના અને શો-કોઝ નોટીસની જાણકારી, RUD અને વ્યકિતગત સુનવણીની જોગવાઈ, ડિમાન્ડ ઓર્ડર/ડ્રોપ ઓર્ડર જારી કરવા, ઓર્ડરમાં સુધારો જો કોઈ હોય તો જેવા વિવિધ મુદાઓ અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ. ત્યારે બાદ ઉપસ્થિત શ્રોતાગણો દ્વારા પુછાયેલ પ્રશ્નોનો અધિકારીશ્રીએ યોગ્ય પ્રત્યુતર આપેલ હતું.

સેમીનારના અંતે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ અધિકારીશ્રીઓ તથા વેપાર-ઉધોગકારોનો સેમીનારમાં ઉપસ્થિત રહેવા બદલ આભારની લાગણી વ્યકત કરી GST અંગે અથવા કોઈપણ સેકટરને લગતા પ્રશ્નો-સુચનો હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા અનુરોધ કરેલ. તેમજ સમગ્ર સેમીનારનું સંચાલન માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.